**ડાયરેક્ટ ❤ સે**

શું નથી ?
શું હોવું જોઈએ ?
એ મથામણમાં
ભૂલી ગયા કે,
શું છે ?

## જન્મદિને વધામણી



**શુભમ વાસુદેવ ત્રિવેદી**
મો. ૯૦૯૯૦ ૭૫૧૯૨



**યોગેશ પ્રતાપરાય ત્રિવેદી**
નાટ્ય-ફિલ્મ કલાકાર

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

રાષ્ટ્રીય સેવા યોજના એકમના સહયોગથી

# ગાંધીનગર વન પ્રસારણ વિભાગ દ્વારા ખેડૂત શિબિરનું આયોજન



ગાંધીનગર, તા. ૧૮

શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ, સાદરામાં ખેડૂત શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય સેવા યોજના એકમ શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા ,ગૂજરાત વિદ્યાપીઠ તથા ગાંધીનગર વન પ્રસારણ વિભાગ દ્વારા સંયુક્તપણે આ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરના ઉદ્‌ઘાટન પ્રસંગે ગાંધીનગર વન વિભાગના નાયબ વન સંરક્ષક પ્રતાપસિંહ ડાભી, સાદરા ગામના સરપંચ ધર્મેન્દ્રભાઈ દેસાઈ, મદદનીશ વન સંરક્ષક એચ. પી. સુથાર , ગૌ સંવર્ધન કેન્દ્રના સંયોજક રમેશભાઈ પટેલ અને સંસ્થાના કાર્યકારી ડીન તથા વિભાગીય વડા પ્રો. પ્રભુલાલ કાસુન્દ્રા હાજર રહ્યા હતા. ખેડૂત શિબિરમાં આજુબાજુનાં ગામ દશેલા, હરીપુરા, દોલારા વાસણા, રાજપુર, કલ્યાણપુરા , મોતીપુરા, ઝાખોરા, ચંદ્રાલા, સાદરા અને ધરમપુરના અંદાજીત ૧૫૦ ખેડૂતો હાજર હતા. સાથે-સાથે રાષ્ટ્રીય સેવા યોજના એકમના લગભગ ૧૦૦ સ્વયંસેવકોએ આ શિબિરમાં હાજરી આપી હતી. કાર્યક્રમનું આયોજન અને સંચાલન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટ અને ગૌ સંવર્ધન કેન્દ્રના સંયોજક શ્રી રમેશભાઈ પટેલ કર્યું હતું, આભારવિધિ પ્રો. જગદીશચંદ્ર સાવલિયાએ કરી હતી.

# નગરની બીબીએ કૉલેજના વિદ્યાર્થીઓ કોકાકોલા કંપનીની ઔદ્યોગિક મુલાકાતે



ગાંધીનગર, તા. ૧૮

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી. પી. કૉલેજ ઓફ બિઝનેસ ઍડમિનીસ્ટ્રેશન (બીબીએ) દ્વારા પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને ઔદ્યોગીક મુલાકાત માટે ખેડા જીલ્લાના ગોબલજ ખાતેની પ્રતિષ્ઠિત કોકાકોલા પ્રા. લિમિટેડ કંપની માં લઈ જવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓ અહીંનો વિશાળ પ્લાન્ટ જોઈને, તેમાં કામ કરતા કર્મચારીઓ અને કંપનીના રોકાણ બાબતે જાણી અભિભૂત થઈ ગયા હતા.કુલ ૧૮૩ વિદ્યાર્થીઓને ત્રણ દિવસ અલગ અલગ બેચ પ્રમાણે મુલાકાત માટે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં ૨૫- ૨૫ વિદ્યાર્થીઓની ૩ ટીમમાં વિભાજીત કરી પ્રોડક્શન અને ઑપરેશન્સ બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. વિદ્યાર્થીઓ દ્વારા મેનેજમેન્ટ, ઍચ. આર. પોલિસી તેમજ માર્કેટીંગ અને ફાઈનાન્સને લગતા પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા જેના તેમને સંતોષજનક પ્રત્યુત્તર મળ્યા હતા. કંપનીના ૩ ઉચ્ચ અધિકારીઓએ વિદ્યાર્થીઓને ઉત્પાદન, સંચાલન અને વહીવટનાં વિવિધ પાસાઓથી વાકેફ કરાવ્યા હતા.

સમગ્ર વિઝીટનું આયોજન કૉલેજના આચાર્ય ડૉ. રમાકાન્ત પૃસ્ટીના માર્ગદર્શન હેઠળ પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીના હેડ ડૉ.જયેશ તન્ના, પ્રો. જાનકી દવે, ધર્મેન્દ્ર રાઠોડ, પ્રો. આશિષ ભુવા, પ્રો. નિવેદિતા રાવલ દ્વારા સફળતાપુર્વક કરવામાં આવ્યું હતું.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
ટોઈલેટ
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
ઍનાબેલ (અંગ્રેજી)
૩.૦૦, ૭.૩૦
ઍનાબેલ (હિન્દી)
૫.૧૫, ૯.૪૫

**સ્ક્રીન-૪**
તંબુરો (ગુજરાતી)
૧૨.૩૦, ૩.૦૦
૭.૪૫, ૧૦.૦૦
પાર્ટીશન ૧૯૪૭
૫.૩૦

**સ્ક્રીન-૫**
બૅરિલી કી બરફી
૧૦.૦૦, ૧૨.૪૫,
૩.૪૫, ૧૦.૧૫
પાર્ટીશન ૧૯૪૭
૮.૦૦

# સ્કૂલ્સમાં ૧૪મી સપ્ટેમ્બરથી પ્રથમ કસોટીનો આરંભ કરાશે

ગાંધીનગર, તા. ૧૮

રાજ્યમાં નવા શૈક્ષણિક સત્ર શરૂ થયાના ત્રણ માસ જેટલો સમય થઈ ચૂક્યો છે ત્યારે હવે વિદ્યાર્થીઓ પ્રથમ કસોટીની તૈયારીમાં લાગી ગયા છે. શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરાયેલા એકેડેમિક કેલેન્ડર પ્રમાણે રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં ૧૪ સપ્ટેમ્બરથી પ્રથમ કસોટી શરૂ કરવાનું નક્કી કરાયું છે. એટલે કે, હવે પરીક્ષાને આડે એક માસનો સમય બાકી રહ્યો હોઈ વિદ્યાર્થીઓ પરીક્ષાની તૈયારીમાં લાગી ગયા છે.

રાજ્યમાં જૂન-૨૦૧૭થી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો હતો. સત્ર શરૂ થયાને ત્રણ માસ જેટલો સમય થઈ ગયો હોઈ હવે સ્કૂલો દ્વારા પ્રથમ કસોટી અંગેની તૈયારી શરૂ કરી છે. રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં ૧૪ સપ્ટેમ્બરથી પ્રથમ કસોટી શરૂ કરવામાં આવશે અને આ પરીક્ષા ૨૨ સપ્ટેમ્બર સુધી ચાલશે. આમ, ૯ દિવસમાં પ્રથમ કસોટી પૂર્ણ કરવાનું આયોજન કરાયું છે. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોની સાથે પ્રાથમિકની સ્કૂલોમાં પણ આ જ સમયગાળા દરમિયાન પ્રથમ કસોટી લેવામાં આવશે, બીજી કસોટી જાન્યુઆરી માસમાં લેવાનું આયોજન કરવામાં આવ્યું છે.

# ઍમબીએ-ઍમસીએમાં હવે સીમેટ વગર પણ પ્રવેશ શક્ય

ગાંધીનગર, તા. ૧૮

એમબીએ -એમસીએમાં પ્રવેશ માટે સામાન્ય રીતે સીમેટ આપી હોય તેવા વિદ્યાર્થીઓને જ પ્રવેશ આપવામાં આવે છે. એમબીએ-એમસીએની કુલ ૧૯ હજાર બેઠકો માટે સીમેટ આપી હોય તેવા વિદ્યાર્થીઓ માટે બે રાઉન્ડ પુરા કરી દેવાયા છે. આ બે રાઉન્ડના અંતે માત્ર ૩૪૦૦ બેઠકો ભરાઈ શકી છે. એટલે કે ૧૬૩૪૧ જેટલી બેઠકો ખાલી પડી છે. આટલી મોટી સંખ્યામાં બેઠકો ખાલી રહેતા હવે ખાલી બેઠકો ભરવા માટે સીમેટ આપી ન હોય તેવા વિદ્યાર્થીઓને તક આપવાનું નક્કી કરાયુ છે. આ માટે પ્રવેશ સમિતિ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં નહી આવે પરંતુ પ્રવેશ ઈચ્છતાં વિદ્યાર્થીઓએ આગામી તા.૨૨મીથી ૩૧મી દરમિયાન ફરીવાર પીનવિતરણ અને રજિસ્ટ્રેશનની પ્રક્રિયા કરવાની રહેશે.

એમબીએ-એમસીએમાં મેનેજમેન્ટ ક્વોટા સાથે કુલ ૨૧ હજાર બેઠકો ઉપલબ્ધ છે. એમબીએ-એમસીએના પહેલા રાઉન્ડ બાદ અંદાજે ૧૧ હજારથી વધારે બેઠકો ખાલી પડી હતી. બીજા રાઉન્ડ પછી પણ કુલ ૧૯ હજારમાંથી ૧૬૩૪૧ બેઠકો ખાલી પડી છે. એટલે કે એમબીએ-એમસીએના બે રાઉન્ડ કરવા છતાં માત્ર ૩૪૦૦ જેટલી જ બેઠકો ભરાઈ શકી છે. પ્રવેશ સમિતિ દ્વારા કાર્યવાહી પૂર્ણ જાહેર કરી દેવામા આવી છે. હવે તા. ૨૨મીથી ૩૧મી સુધીમાં વિદ્યાર્થીઓ ફરીવાર પીન લઈને ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવીને તા.૫મી સુધીમાં જે તે કોલેજમાં જમા કરાવવાનું રહેશે. કોલેજ દ્વારા તા. ૬ થી ૧૧ સપ્ટેમ્બર દરમિયાન મેરિટ લીસ્ટ જાહેર કરીને પ્રવેશ આપશે.

# ઈટાદરાની હાઈસ્કૂલ દ્વારા સ્વતંત્રતા દિવસ ઉજવાયો

## અતિથિઓ દ્વારા વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૧૮

પટેલ ઍમ ઍમ હાઈસ્કૂલ, ઈટાદરા ખાતે ૭૧મા સ્વતંત્રતા દિવસની ઉજવણી અમદાવાદના જાણીતા અને સિનિયર ગાયનેકોલૉજીસ્ટ ડૉ. દિપ્તીબેન શાહની ઉપસ્થિતિમાં શેઠ શ્રી સી ઍલ કેળવણી મંડળના પ્રમુખ ડૉ. જગદીસભાઈ બી પટેલના અધ્યક્ષસ્થાને કરવામાં આવી હતી. શાળાનાં ભૂલકાઓ દ્વારા દેશભક્તિ ગીતો અને ડાન્સ જેવી કૃતિઓથી સમગ્ર વાતાવરણને દેશભક્તિમય બનાવી દેવામાં આવ્યું હતું.

સંસ્થાના મંત્રી રમેશભાઈ પટેલ (વિધાનસભા ઉપાધ્યક્ષના અંગત સચિવ)ના માર્ગદર્શન હેઠળ આચાર્ય, શિક્ષકો, અતિથિઓ અને વિદ્યાર્થીઓ ઉપરાંત ગ્રામજનોએ સાથે મળીને વૃક્ષારોપણ પણ કર્યું હતું. ૭૦ વૃક્ષો રોપી પર્યાવરણની જાળવણીનો સંદેશ સૌએ આ પ્રસંગે આપ્યો હતો અને ભારતને સ્વચ્છ, ભ્રષ્ટાચાર મુક્ત, જ્ઞાતિવાદ મુક્ત નૂતન ભારત બનાવવા માટે સંકલ્પ કર્યો હતો.

# મા શારદાની આરાધના સમ એ પ્રવૃત્તિ નિરાળી : ઘરે સેવા-પૂજા ન થઈ શક્યાનો રંજ ન રહ્યો





**તહેવારની ઉજવણી એટલે કુટુંબમેળો જામે, મોજ મસ્તી ચાલે, બધાં સાથે સ્વાદિષ્ટ ભોજનનો આસ્વાદ માણીએ ને આનંદ કરીએ તે, પણ કુટુંબની સીમાને 'વસુધૈવ કુટુંબકમ' સુધી વિસ્તારી, પીડિતો-વંચિતોને પરિવારજનો ગણી તેમને સાથે લઈ તહેવારની ઉજવણી કરાય ત્યારે એ ઉજવણીનો ઉજાસ વધુ દેદિપ્યમાન બની રહે છે, એનો આનંદ વધુ સંતોષ આપે છે. તહેવારની ઉજવણીની આ નવી રીત, નગરની બે સંસ્થાઓએ રક્ષાબંધનના અવસરે ચરિતાર્થ કરી બતાવી**

ઘણું જ મન હોવા છતાં નગરમાં છેલ્લા કેટલાય મહિનાઓથી ચાલતી એક સરાહનીય પ્રવૃત્તિના સાક્ષી બનવાનું શક્ય નહોતું બનતું.

આ માસના પહેલા શનિવારની રાત્રે નક્કી કર્યું કે કાલે સવારે અચૂક જવું જ. રવિવારની એ સવારે નિત્યક્રમ મુજબ સેવા-પૂજા કરવા રહેતાં મોડું થાય તેમ હતું એટલે પ્રભુની માફી માંગી, મનમાં પૂજા-પાઠ ન થઈ શક્યાના રંજ સાથે હું ગયો.

પણ ઘ ચારના સર્કલ ઉપર ચાલી રહેલી પ્રવૃત્તિ થકી સાક્ષાત મા સરસ્વતી, મા શારદાની આરાધના થતી જોઈ પેલો વસવસો દૂર થઈ ગયો. અહીં માતૃભાષા ગુજરાતીના ચાહકો સરસ્વતી, સરસ્વતી માતાના સાધકો સમા કાર્યકરો પુસ્તકોની ગોઠવણી, નોંધણી, આપ-લેની અને મુલાકાતીઓને સમજાવવાની કામગીરી થકી જાણે જ્ઞાનની દેવીની અર્ચના-વંદના કરતા હતા, આરતી ઉતારતા હતા ને પુસ્તકોની પ્રસાદી વહેંચાતી હતી. જી હા, આ વાત છે 'પુસ્તક પરબ' પ્રવૃત્તિની. આ જ્ઞાનમંદિરનાં દર્શનનો લાભ મળતાં આજે ઘરે સેવા-પૂજા ના થઈ શક્યાનો અફસોસ ઓગળી ગયો ને અહોભાવથી હૈયું છલકાઈ ઊઠ્યું.

ગુજરાતી ભાષાના, જ્ઞાનના પ્રચાર-પ્રસાર માટે જ આપણા ગાંધીનગરમાં ખૂબ લગન, નિષ્ઠા ને જહેમતપૂર્વક પુસ્તક પરબ માંડનારાં પ્રજ્ઞાબેન પટેલ, કિશોરભાઈ જીકાદરા, સંજય થોરાત, રણછોડભાઈ જેવા સર્જકો અને આશાબેન સરવૈયા જેવાં કલાકાર જીવ તો 'હે મા શારદા, તારી પૂજાનું ફૂલ થવા રંગ દે, તારા મયૂરનો કંઠ થવા સૂર દે...' ગાતાં-ગાતાં હોંશે હોંશે પ્રવૃત્તિ ઉપાડી લે તે સમજાય પણ આંકડાઓ જોડે માથાઝીંક કરનારા બૅન્કર અશોકભાઈ ત્રિવેદી પણ અહીં નિયમિત-સક્રિય સેવા આપી પોતાનો પુસ્તક પ્રેમ વ્યક્ત કરે, સાવ સાદા લાગતા ભલાભોળા વડીલ આવીને બેસે કે નગરના સિનિયર ઍડવોકેટ અશ્વિન ત્રિવેદી તથા નિવૃત્ત સનદી અધિકારી ને સાહિત્ય રસિક-સર્જક મુ. વી ઍસ ગઢવી સાહેબ પણ દર વખતે આવીને સૌનો ઉત્સાહ વધારે છે તે જાણીને આનંદ થાય જ. પુસ્તક પરબનો લાભ લેવા સમાજના દરેક વર્ગનાં બાળકો, મોટેરાઓ, ભાઈ-બહેનો બહોળી સંખ્યામાં આવતાં જોયાં ત્યારે ગુજરાતીઓને બૂકથી નહીં, પાસબૂકમાં વધારે રસ છે એ મહેણું ભાંગતું અનુભવાયું અને ગુજરાતી ભાષાનું શું થશે ? એ ચિંતામાંથી રાહત પણ મળી.

પ્રતિ માસના પહેલા રવિવારે સવારે ૭.૩૦થી ૯.૩૦ દરમિયાન ચાલતી પુસ્તક પરબમાં આંટો મારવાથી પણ રવિવારની મોર્નિંગ ગૂડ થઈ જવાની ગેરંટી છે. પુસ્તક પરબમાં પુસ્તકો, મેગેઝિન્સ લેવા-દેવા આવતા જ્ઞાનપિપાસુઓ ને વાચનરસિયાઓની જેમ જ પોતાની અંગત લાઈબ્રેરીમાં કેદ પુસ્તકોને વિશાળ વાચકો સુધી

**ટહૂકાર**
પ્રકાશ લાલા

પહોંચાડવા ને પુસ્તક પરબને સમૃધ્ધ કરવા તેનું દાન કરનારાઓની સંખ્યા પણ ઓછી નથી. ને આયોજકોને આનંદાશ્ચર્ય તો ત્યારે થયું કે જ્યારે આ રવિવારે એક બહેન તેમના સ્વર્ગસ્થ પુસ્તકપ્રેમી પતિની યાદમાં જૂનાં નહીં પણ નવાં પુસ્તકો ખરીદીને આપી ગયાં અને એ પણ ઢગલાબંધ. 'જ્યોત સે જ્યોત જગાતે ચલો, પ્રેમ કી ગંગા બહાતે ચલો...' તે આનું જ નામ ને !

ગાંધીનગરની જેમ મહાનગર અમદાવાદમાં અલગ અલગ વીસેક જગ્યાએ મળી રાજ્યમાં ૨૦૦ જેટલી પુસ્તક પરબ કાર્યરત છે એ ગુજરાતી ભાષાના જતન અને સંવર્ધન માટે ગૌરવરૂપ ઘટના છે.

પુસ્તક પરબની પ્રત્યક્ષ મુલાકાત પછી થયું કે આટલા સમય સુધી એનાથી દૂર રહી ઘણું ગુમાવ્યું છે.

પુસ્તક પરબના સૌ સેવાવ્રતીઓને વંદન.

**તહેવારની સાચી ઉજવણી**

ગાંધીનગરની કલા સંસ્થા પનઘટ દ્વારા ઝૂંપડપટ્ટીનાં ૭૦ જેટલાં બાળકોને આગલા દિવસે બજારમાં લઈ જઈ નવાં કપડાં અપાવવામાં આવ્યાં અને રક્ષાબંધન નિમિત્તે એ નવાં વસ્ત્રોમાં સજ્જ બાળકોને '૫૬ ભોગ'ના બૅન્ક્વેટ હૉલમાં ગરબે રમાડ્યાં, એમની સાથે ગીતો ગાયાં, મોજમસ્તી કરી અને પછી સૌએ સાથે મળી ભાવતાં ભોજન પણ કર્યાં.

તો પીડિતો-વંચિતોના વિકાસ માટે કાર્યરત 'આત્મન ફાઉન્ડેશન'ના કાર્યકરોએ રક્ષાબંધનની પૂર્વ સાંજ આવાં બાળકો સાથે વિતાવી. આ બાળકોએ પરસ્પર ફ્રેન્ડશીપ બેલ્ટ બાંધ્યા, વાર્તાકથન, ગીતગાન થયાં, રમતો રમ્યાં ને એ રીતે વંચિત પરિવારનાં બાળકોની રક્ષાબંધન ઉજવી...

જો કે દિવાળી પર્વ ઉપર આવાં પરિવારોને મીઠાઈ વહેંચવાની પ્રવૃત્તિ શહેર વસાહત મંડળ દ્વારા વર્ષોથી થાય છે ને હવે તો અન્ય સામાજિક સંસ્થાઓ, નાનાં વસાહતી જૂથો કે યુવા સંગઠનો પણ આવી પ્રવૃત્તિ કરે છે. સ્વથી આગળ વધી સર્વનો, સમાજસમસ્તનો વિચાર કરનારને જોઈ થાય છે કે માનવતા હજી મહેકી રહી છે...

**ડેઈલી કરંટ**
દર્શન મારૂ
95862 87447

(૧) ૨૦૧૭માં વિશ્વના કયા દેશે પાકિસ્તાનના આતંકી સંગઠન હિજબુલ મુજાહિદ્દીનને આતંકી સંગઠન જાહેર કર્યું છે ?
(એ) ઈંગ્લેન્ડ (બી) રશિયા
(સી) અમેરિકા (ડી) શ્રીલંકા

(૨) ૨૦૧૭માં ઉપરાષ્ટ્રપતિ વૅંકૈયા નાયડુના સચિવ પદે કોની નિયુક્તિ કરવામાં આવી છે ?
(એ) આઈ બી સુબ્બારાવ (બી) એન રામચંદ્ર
(સી) સુકુમાર રાય (ડી) વિમલ પ્રસાદ

(૩) ૨૦૧૭માં ભારતીય પુરુષ હોકી ટીમે કયા દેશની ટીમને હાર આપી સિરીઝ ૨-૧થી જીતી લીધી હતી ?
(એ) ઈંગ્લેન્ડ (બી) બ્રાઝીલ
(સી) નેધરલેન્ડ (ડી) પૉલેન્ડ

(૪) ૨૦૧૭માં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝને કેન્દ્ર સરકારે કેટલા કરોડનો દંડ કર્યો હતો ?
(એ) ૨૬૩ મિલિયન ડૉલર (બી) ૨૬૪ મિલિનય ડૉલર
(સી) ૨૬૫ મિલિયન ડૉલર (ડી) ૨૬૬ મિલિયન ડૉલર

(૫) ૨૦૧૭માં પ્રસિદ્ધ થયેલા સર્વે મુજબ કોને વિશ્વના સૌથી મોટા દાનવીર તરીકે જાહેર કરવામાં આવ્યા છે ?
(એ) બીલ ગેટ્સ (બી) નંદન નીકલણી
(સી) વૉરન બફેટ (ડી) હોન કુક

(૬) માઈક્રોસૉફ્ટ કંપનીના સંસ્થાપક બિલ ગેટ્સે ૨૦૧૭માં કેટલા કરોડ રૂપિયાનું દાન કર્યું હતું ?
(એ) ૨૯૫૭૧ (બી) ૨૯૫૭૨
(સી) ૨૯૫૭૩ (ડી) ૨૯૫૭૪

(૭) ૨૦૧૭માં આંતરરાષ્ટ્રીય ધાર્મિક સ્વતંત્રતા પર વિશ્વના કયા દેશે પોતાનો રિપોર્ટ તાજેતરમાં રજૂ કર્યો છે ?
(એ) જાપાન (બી) અમેરિકા
(સી) રશિયા (ડી) ઓમાન

(૮) ૨૦૧૭માં સુપ્રિમ કૉર્ટ દ્વારા શિખ વિરોધી રમખાણો મામલે કેટલા કેસની સુનાવણી માટે સમિતિની રચના કરવામાં આવી છે ?
(એ) ૧૯૯ (બી) ૨૦૦
(સી) ૨૦૧ (ડી) ૨૦૨

(૯) ૨૦૧૭માં સુરક્ષાના કારણોસર ભારત સરકારે કેટલી વિદેશી સ્માર્ટ ફોન કંપનીને નોટિસ ફટકારી છે ?
(એ) ૨૦ (બી) ૨૧
(સી) ૨૨ (ડી) ૨૩

(૧૦) ૨૦૧૭માં વિશ્વના કયા દેશમાંથી ટૉલેમી કાળના ૨૦૦૦ વર્ષ જૂના મકબરા મળી આવ્યા છે ?
(એ) ઈજિપ્ત (બી) સાઉદી અરબ
(સી) ઈરાન (ડી) મિશ્ર